BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સ્થાપિત )

## પરીપત્ર

**વિષય : આગામી સમયમાં યોજાનાર Skill Base Program. સેમ.-૨ ની પરીક્ષાના, પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા બાબત.**

**સંદર્ભ: અત્રે યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંક:બીકેએનએમયુ/પરીક્ષા/૨૯૪-A/૨૦૨૩ તા.૧૧/03/૨૦૨૩**

આથી ઉપરોક્ત વિષયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાના વડાઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનોને જણાવવાનું કે, આગામી સમયમાં યોજાનાર **Skill Base Program. સેમ.-૨** ની પરીક્ષાના, પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રીની તારીખ નીચે મુજબ રહેશે. નિયત સમય-મર્યાદામાં કોલેજ દ્વારા તેમના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે. **[ઉપરોક્ત તમામ એન્ટ્રી જુના સોફ્ટવેરમાં, જુની રીત મુજબ કરવાની રહેશે.]**

| કોર્ષનું નામ | રેગ્યુલર ફી (રૂ.૨૦૦) | લેઇટ ફી [રેગ્યુલર ફી + ૫૦૦] | દંડાત્મક ફી [રેગ્યુલર ફી + ૫૦૦ + ૧૫૦૦] |
|---|---|---|---|
| Skill Base Program. સેમ.- ૨ | તા.૦૫/૦૮/૨૦૨૩ થી તા.૦૭/૦૮/૨૦૨૩ | તા.૦૮/૦૮/૨૦૨૩ | તા.૦૯/૦૮/૨૦૨૩ |

છેલ્લી તારીખ બાદ કરવામાં આવેલ સુધારો સોફ્ટવેર સ્વીકારશે નહી. દંડાત્મક ફી ની તારીખ બાદ પણ જો કોઇ વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ઓનલાઇન ભરવાનું બાકી રહેલ હોય તો તેવા વિદ્યાર્થીઓએ અત્રેની યુનિવર્સિટી ખાતેથી પરીક્ષા ફોર્મ ભરવાની મંજુરી મળ્યે ડબલ દંડાત્મક ફી [દંડાત્મક ફી * ૨(બે)] ભરી પરીક્ષા ફોર્મ ભરવાનું રહેશે..

દંડાત્મક ફી સાથેની છેલ્લી તારીખ બાદ ચાલુ કામકાજના દિવસ ૨(બે)માં ફરજીયાત પણે ચેકલિસ્ટ તેમજ ફી મેમો પરીક્ષા વિભાગમાં જમા કરાવવાનો રહેશે, જો કોલેજ દ્વારા નિયત સમયમર્યાદા બાદ પરીક્ષા ફોર્મ જમા કરવામાં આવશે તો તેવી કોલેજના બેઠક નંબર જનરેટ થશે નહી જેથી તેની સંપુર્ણ જવાબદારી જે-તે કોલેજની રહેશે. જેની ગંભીરતાથી નોંધ લેવી તથા પરીક્ષા ફોર્મ ફી "રજીસ્ટ્રાર, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ" ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ભરવાની રહેશે.

**ખાસ નોંધ :**

૧. દરેક વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મમાં જે વિષય દર્શાવેલ હોય તે જ વિષયની કોલેજ દ્વારા સોફ્ટવેરમાં એન્ટ્રી કરવી.
૨. કોલેજ દ્વારા પરીક્ષા ફોર્મની એન્ટ્રી થયા બાદ ફરજીયાત વેરીફાય કરી લેવાનું રહેશે. [વેરીફાય કરેલ ફોર્મનું જ ચેકલીસ્ટ/બેઠક નંબર જનરેટ થશે]
3. સંદર્ભ પરિપત્ર મુજબ કોલેજ કક્ષાએથી ગોપનીય રાહે આ પરીક્ષાનું આયોજન કરી માર્કસ એન્ટ્રી પણ કોલેજ કક્ષએથી કરવાની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

ડૉ. ડી. એચ. સુખડીયા
**પરીક્ષા નિયામક**

ક્રમાંક - બીકેએનએમયુ/પરીક્ષા/૭૮૪/૨૦૨૩, તા.૦૫/૦૮/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જૂનાગઢ-3૬૨૨૬3

પ્રતિ,
યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાના વડાઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનો તરફ....

નકલ સવિનય રવાના :-
(૧) માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે) (૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા તેમજ યોગ્ય કાર્યવાહી અર્થે)
(3) હિસાબી શાખા. (યોગ્ય કાર્યવાહી અર્થે)

સરકારી પોલિટેકનિક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જૂનાગઢ – ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત). ફોન નં. ૦૨૮૫ – ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫-૨૬૮૧૫૦૩
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road Khadiya, Junagadh - 362263 ( Gujarat ) Ph: 0285 - 2681400 Fax : 0285 - 2681503
www.bknmu.edu.in info@bknmu.edu.in Bhakta Kavi Narsinh Mehta University Junagadh

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સ્થાપિત )

**પરીપત્ર**

| | |
|---|---|
| વિષય : | આગામી સમયમાં યોજાનાર Skill Base Program. સેમ.-૧ ની પરીક્ષાના, પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા બાબત. |
| સંદર્ભ : | (૧) Skill Base Program. સેમ.-૧ ની પરીક્ષાના, પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા અંગેનો પરિપત્ર ક્રમાંક - બીકેએનએમયુ/પરીક્ષા/૨૫૮/૨૦૨૩, તા.૦૧/૦૩/૨૦૨૩<br>(૨) માનનીય કુલપતિશ્રીની તા:૦૯/૦૩/૨૦૨૩ની નોંધ ઉપર મળેલ મંજુરી |

આથી ઉપરોક્ત વિષયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાના વડાઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનોને જણાવવાનું કે, સંદર્ભ (૧)નાં પરિપત્રની સૂચનાઓ અનુસાર કાર્યવાહી થયા બાદ સંદર્ભ (૨)થી મળેલ મંજુરી અનુસાર વર્ષ:૨૦૨૨-૨૩ તથા વર્ષ:૨૦૨૩-૨૪ માટે Skill Base Program. અંતર્ગત સર્ટીફીકેટ/ડિપ્લોમા/પીજી ડિપ્લોમા અભ્યાસક્રમની પરીક્ષાનું આયોજન જે-તે સંબંધિત કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર ધ્વારા કરવાનું રહેશે. પરીક્ષાનું આયોજન કરી સુવ્યવસ્થિત, પારદર્શક રીતે પરીક્ષા લગત તમામ વ્યવસ્થા (પ્રશ્નપત્ર તૈયાર કરવા, પરીક્ષા બેઠક વ્યવસ્થા, મૂલ્યાંકન વગેરે) નું જે-તે કોલેજે આયોજન કરી વિદ્યાર્થીઓના ગુણ પરીક્ષા વિભાગની સૂચના અનુસાર મોકલી આપવાનાં રહેશે. પરીક્ષાનું આયોજન જે-તે કોલેજ ધ્વારા માર્ચ-૨૦૨૩ થી જુન-૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાનું રહેશે. પરીક્ષા અંગેની ઉત્તરવહીઓ કોલેજ ધ્વારા નિયમાનુસાર સાચવવાની રહેશે અને યુનિવર્સિટી ધ્વારા રજુ કરવા જણાવવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે.

ડૉ. ડી. એચ. સુખડીયા
પરીક્ષા નિયામક

ક્રમાંક - બીકેએનએમયુ/પરીક્ષા/294-A/૨૦૨૩, તા.11/03/2023
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જૂનાગઢ-૩૬૨૨૬૩

પ્રતિ,
યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાના વડાઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનો તરફ....

નકલ સવિનય રવાના :-
(૧) માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા તેમજ યોગ્ય કાર્યવાહી અર્થે)
(૩) હિસાબી શાખા. (યોગ્ય કાર્યવાહી અર્થે)
(૪) સંબધિત કોલેજ તરફ કાર્યવાહી અર્થે